**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનની વાર્ષિક સાધારણ સભા (સામાન્ય સભા) તા.૨૪/૫/૦૯ ના રવિવારે ફેડરેશનનાં પ્રમુખશ્રી કે.ટી.ચૌધરીનાં અધ્યક્ષ સ્થાને માંડવી ખાતે મળી હતી જેની કાર્યવાહી નોંધઃ-**

# કાર્યક્રમની વિગતો/એજન્ડા સહિત.

૧. **પ્રાર્થનાઃ-**

કાર્યક્રમની શરૂઆત વી. એફ. હાઈસ્કૂલ માંડવીની બાળાઓએ પ્રાર્થના કરીને વાતાવરણને પવિત્ર કરેલ હતું

૨. **મહાકાળી માતાને દિપ પ્રાગટયઃ-**

ફેડરેશનના તથા વાર્ષિક સાધારણ સભાના અધ્યક્ષ શ્રી કે. ટી. ચૌધરી તથા ઉપસ્થિત મહેમાનો અને ફેડરેશનના હોદ્દેદારો દ્વારા ચૌધરી સમાજની કુળદેવી મહાકાળી માતાને દિપપ્રાગટય કરવામાં આવ્યું.

૩. **નામી, અનામી સભ્યો માટે શ્રધ્ધાંજલિ (બે મિનિટ મૌન)**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજનાં નામી/અનામી સભ્યોનાં મુત્યું પામેલા સદગત કુંટુંબીજનોને તથા ચૌધરી સમાજના અગ્રણી એડવોકેટ તથા ફેડરેશનની સામાજીક ન્યાય સમિતિના સભ્યશ્રી દિપકભાઈ કે. ચૌધરી વેડછીનું તાજેતરમાં અવસાન થયેલ છે. તેનાં આત્માને પરમકુપાળુ પ્રભુ ચિર શાંતિ આપે તે માટે તમામ સભ્યો પોતાની જગ્યા ઉપર ઊભા રહી બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાજલિઆપવામાં આવી.

૪. **મહેમાનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગતઃ-**

માંડવી શહેર ચૌધરી સમાજ મારફતે ફેડરેશનના હોદ્દેદારો તથા મુખ્ય મહેમાનોનું વી. એફ. હાઈસ્કૂલની બાળાઓ મારફતે પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું.

૫. **સ્વાગત પ્રવચન - (પ્રમુખશ્રી માંડવી શહેર ચૌધરી સમાજ)**

માંડવી શહેર ચૌધરી સમાજના પ્રમુખશ્રી ગિરીશભાઈ સી. ચૌધરીએ ફેડરેશનની બીજી વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, ફેડરેશનના હોદ્દેદારો, આજીવન સભ્યો, પ્રાથિમક સભ્યો, તથા નોમીનલ સભ્યોનું શાબ્દીક સ્વાગત કર્યું. ફેડરેશનની બીજી વાર્ષિક સાધારણ સભાનું યજમાનપદ માંડવી શહેર ચૌધરી સમાજને આપવા બદલ ફેડરેશનનો આભાર માન્યો. આજ પ્રમાણે ફેડરેશનમાં જોડાયેલા તમામ સમાજો, રોટેશન પ્રમાણે ફેડરેશનના જુદા જુદા કાર્યક્રમોનું ઉત્સાહભેર યજમાનપદ લઈને કાર્ય કરશે તો દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન ઘણાં સમાજ ઉપયોગી કામો કરશે. ફેડરેશનએ ફકત બે જ વર્ષમાં ઘણાં બધા સમાજ ઉપયોગી કામો કર્યા છે, અને આગામી દિવસોમાં ઘણાં સમાજ ઉપયોગી કામો હાથ ઉપર લેવામાં આવનાર છે. જેથી વધુને વધુ સમાજનાં સભ્યો ફેડરેશનના સભ્ય બને અને, સમાજ ઉપયોગી કામોનાં લાભ મેળવે તે માટે વધુને વધુ સભ્યોને ફેડરેશનમાં જોડીને મજબુત સંગઠન ઉભું કરવા જણાવ્યું.

૬. **ફેડરેશનએ વર્ષ દરમ્યાન કરેલ કામગીરીની રૂપરેખાઃ- (પ્રમુખશ્રી કે.ટી. ચૌધરી)**

વાર્ષિક સાધારણ સભાનાપ્રમુખશ્રી તથા ફેડરેશનનાં પ્રમુખશ્રી કે.ટી.ચૌધરીએ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનએ સને ૨૦૦૮- ૨૦૦૯ના વર્ષ દરમ્યાન કરેલ કામગીરીની રૂપરેખાની નીચે મુજબની વિગતો/માહિતી સભ્યો સમક્ષ રજુ કરવામાં આવી.

**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશન મારફતે સને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન થયેલા કામોની રૂપરેખા**

૧. માંડવી ઉપરાંત વ્યારા અને વાંકલ ખાતે ચૌધરી સમાજ ફેડરેશનની પ્રાદેશિક કચેરીઓ શરૂ કરવામાં આવી.

૨. ચૌધરી સમાજની વસ્તી ધરાવતા તમામ તાલુકાઓમાંથી ફેડરેશનમાં બે સભ્યોનું પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું. તથા માંગરોળ તાલુકાના તમામ ગામોમાં ગામ સમિતીઓની રચના કરવામાં આવી.

૩. વર્ષ દરમિયાન ૧ સમાજના સભ્યનું ઘર બળી જવાથી રૂ. ૧૦,૦૦૦/- સહાય આપવામાં આવી તથા આપત્તિ વ્યવસ્થાપન અંગેનાં નિયમો નિયત કર્યા જેમાં વિજળી પડવી, સર્પદંશ, જંગલી જાનવરનો હુમલો, પુરમાં તણાઈ જવાથી મૃત્યુમાં રૂા.૫૦૦૦/-ની આકસ્મિક સહાય પીડીત કુંટુંબને આપવાની યોજના બનાવી.

૪. સમાજના રજીસ્ટર્ડ સભ્યોને વિમા સુરક્ષા યોજના પુરી પાડી સદભાગ્યે ગયા વર્ષે કોઈ વિમા કલેઈમનો બનાવ બનેલ નથી.

૫. વ્યારા ખાતે સ્નેહ સંમેલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન સાથે પરિચય મેળાનું આયોજન કર્યું.

૬. સમાજની અદ્યતન કહી શકાય તેવી વેબસાઈટ www.chaudharifederation.com. ચાલુ કરી.

૭. " ચૌધરી દર્પણ " ત્રિમાસિક મેગેઝિન ચાલુ કર્યું ત્રીજો અંક શૈક્ષણિક કારકિર્દી વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવ્યો.

૮. જુદા જુદા વિસ્તારોમાં વર્ષ દરમિયાન ૫ કારોબારી બેઠકનું આયોજન કરીને સંગઠનને વધુ મજબુત કરવા તથા સમાજ ઉપયોગી કામો કરવા ચર્ચા વિચારણા અને આયોજન કરવામાં આવ્યું.

૯. ફેડરેશન સાથ સંકલિત તમામ ચૌધરી સમાજોની વિગત દર્શાવતું કેલેન્ડર બહાર પાડવામાં આવ્યું.

૧૦. સ્થાનિક ચૌધરી સમાજ તથા ફેડરેશનના સહયોગથી મહુવા(ડુંગરી) અને વાંકલ ખાતે બે જગ્યાએ સમહુ લગ્નનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અને ક્રમે ૪ + ૧૮ (૨૨) યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા.

૧૧. **માંડવી ખાતેના કાર્યાલયમાં ઈન્ટરનેટની સુવિધા આપીને સમાજના વિદ્યાર્થીઓને નોકરી માટે તથા શૈક્ષણિક પ્રવેશ માટે ઓન લાઈન મફત ફોર્મ ભરવાની સુવિધા પુરી પાડવામાં આવી.**

૧૨. **જિલ્લા પંચાયત સુરત સંચાલિત ગોડસંબા, દેવગઢ અને વાંસકૂઈ શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન ફેડરેશનને સોંપવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાથે પત્ર વ્યવહાર ચાલુ છે.**

૧૩. **વ્યારા ખાતે ફેડરેશન મારફતે શૈક્ષણિક સંકુલ ઊભુ કરવા માટે જમીન મેળવવા કલેકટરશ્રી, તાપી(વ્યારા)ને દરખાસ્ત કરવામાં આવી છે. કાર્યવાહી પ્રગતિમાં છે.**

૧૪. **સામાજીક ન્યાય સમિતિ મારફતે ૩ લગ્ન વિચ્છેદ/સમાધાનના કેસોમાં ઉકેલ કરવાની કામગીરી બજાવવામાં આવી.**

૧૫. **સમાજનાં વિદ્યાર્થી માટે ચાલુ શૈક્ષણિક સત્રથી સસ્તા દરે નોટબુક વિતરણ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી.. માંડવી, વ્યારા અને વાંકલના કાર્યાલયો મારફતે ૧૪૦૦૦ નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું.**

૧૬. **ગત વર્ષની જેમ આ વર્ષે પણ તા.૦૭/૦૬/૨૦૦૯ના રવિવારે ચૌધરી ડૉકટર એસોશીયેશન અને ફેડરેશનના સંયુકત ઉપક્રમે માંડવી આતે વી. એફ. હાઈસ્કૂલમાં શૈક્ષણિક માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.**

એજન્ડાનં. – ૭ **ફેડરેશનના સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન થયેલા ઠરાવોનું વાંચન કરી બહાલ મેળવવા બાબત.**

ઠરાવ નં. – ૧ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનના મહામંત્રી શ્રી પ્રભુદાસ બી. ચૌધરીએ ફેડરેશન મારફતે સને ૨૦૦૮-૨૦૦૯નાં વર્ષ દરમિયાન હાથ ધરાયેલ પ્રવૃત્તિઓ તથા થયેલ કારોબારી બેઠકોની વિગતો રજુ કરી.

સને ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન નીચે મુજબ કારોબારી બેઠકો બોલાવવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| (૧) | તા.૧૩/૦૪/૨૦૦૮ | બારડોલી જિ. સુરત. |
| (૨) | તા.૨૫/૦૫/૨૦૦૮ | બારડોલી જિ. સુરત. સને ૨૦૦૭-૦૮ની વા. સા. સભા. |
| (૩) | તા.૧૩/૦૭/૨૦૦૮ | વ્યારા જિ. તાપી. |
| (૪) | તા.૧૨/૧૦/૨૦૦૮ | સિણધઈ તા. વાંસદા જિ. નવસારી. |
| (૫) | તા.૨૮/૧૨/૨૦૦૮ | ગુણસદા તા. સોનગઢ જિ. તાપી. |
| (૬) | તા.૨૨/૦૨/૨૦૦૯ | કંબોડીયા તા. વાલીયા જિ. ભરૂચ |

ઉપર્યુકત તમામ કારોબારી બેઠકોની કાર્યવાહી નોંધોની નકલો તમામ સભ્યોને ફાઈલ સ્વરૂપે વિતરણ કરવામાં આવી. જે વંચાણે લઈને તમામ કારોબારી બેઠકોની કાર્યવાહી નોંધો ફેડરેશનના બંધારણની જોગવાઈઓ મુજબ સર્વાનુમતે બહાલ રાખવામાં

આવી.

એજન્ડા નં. – ૮ **ફેડરેશનના સને ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક હિસાબો વંચાણે લઈ બહાલી આપવા બાબત. ( તા.૦૧/૦૪/૨૦૦૮ થી તા.૩૧/૦૩/૨૦૦૯ )**

ઠરાવ નં. – ૨ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનનાં તા.૦૧/૦૪/૨૦૦૮ થી તા. ૩૧/૦૩/૨૦૦૯ સુધીના સને ૨૦૦૮-૨૦૦૯ના નાણાંકીય વર્ષના હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી એમ. જે. ખીલાવાલા સુરત મારફતે ઓડીટ કરાવેલ હતા. જેની નકલ હાજર રહેલા તમામ સભ્યોને ફાઈલ સાથે આપવામાં આવ. જે વંચાણે લઈ સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યા.

એજન્ડા નં. – ૯ **વાર્ષિક સાધારણ સભામાં ફેડરેશનના ધારા ધોરણની કલમ ૯(૯) હેઠળ માંગેલ રજુઆતોની ચર્ચા કરવા બાબત.**

ઠરાવ નં. – ૩ ફેડરેશનના બંધારણના ધારા ધોરણની કલમ ૯(૯)માં ફેડરેશનમાં જોડાયેલા કોઈપણ સભ્ય વાર્ષિક સાધારણ સભામાં અગાઉથી મંજુરી મેળવીને મુદ્દો રજુ કરી શકે છે. આજની વાર્ષિક સાધારણ સભામાં કોઈપણ સભ્યએ આ અંગે રજુઆત કરેલ ન હોઈ ચર્ચા કરવામાં આવી ન હતી.

એજન્ડા નં. – ૧૦ **સને ૨૦૦૯-૨૦૧૧ના બે વર્ષ માટે નવી કારોબારી તથા હોદ્દેદારોની વરણી કરવા બાબત.**

ઠરાવ નં. – ૪ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનના બંધારણ તથા ધારા ધોરણની જોગવાઈ મુજબ કલમ – ૧૧ તથા પરિશિષ્ટ – ૨ની જોગવાઈઓ મુજબ કારોબારી તથા હોદ્દેદારોની મુદત બે નાણાંકીય વર્ષની રાખવામાં આવેલ છે. તે મુજબ સને ૨૦૦૭ થી સને ૨૦૦૯ સુધીના બે નાણાંકીય વર્ષની મુદત તા.૩૧/૦૩/૨૦૦૯નાં રોજ પુર્ણ થતી હોઈ સને ૨૦૦૯થી ૨૦૧૧ બે વર્ષ સુધીની નવી કારોબારીની વરણી માટે ફેડરેશનના ધારાધોરણની કલમ ૧૧ મુજબ ફેડરેશન સાથે સંકળાયેલા ચૌધરી સમાજોમાંથી અને તાલુકા યુનિટોમાંથી દરેક સમાજએ બે પ્રતિનિધિઓ નીચે મુજબ ફેડરેશનની કારોબારીમાં નોમીનેટ કરવા ઠરાવો રજુ કરવામાં આવ્યા.

| ક્રમ | ચૌધરી સમાજનું નામ | ક્રમ | પ્રતિનિધિઓના નામ |
|---|---|---|---|
| ૦૧. | દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ, અમદાવાદ/ગાંધીનગર | ૧.<br>૨. | શ્રી નટુભાઈ ડી. ચૌધરી<br>શ્રી પ્રભુદાસ બી. ચૌધરી |
| ૦૨. | ચૌધરી જન સમાજ, વડોદરા | ૧.<br>૨. | શ્રી કે. ટી. ચૌધરી<br>શ્રી અરૂણભાઈ સી. ચૌધરી |
| ૦૩. | ચૌધરી સમાજ સેવા મંડળ, કડોદ | ૧.<br>૨. | શ્રી બુધીલાલ આર. ચૌધરી<br>શ્રી રામુભાઈ આર. ચૌધરી |
| ૦૪. | માંગરોળ તાલુકા ચૌધરી સમાજ સંગઠન | ૧.<br>૨. | શ્રી કનુભાઈ યુ. ચૌધરી<br>શ્રી હિતેન્દ્રભાઈ બી. ચૌધરી |
| ૦૫. | વ્યારા ચૌધરી સમાજ વ્યારા | ૧.<br>૨. | ડૉ. સુરેશભાઈ બી. ચૌધરી<br>શ્રી રમેશભાઈ એલ. ચૌધરી |
| ૦૬. | સુરત શહેર  ચૌધરી સમાજ | ૧.<br>૨. | શ્રી નિતીનભાઈ વી. ચૌધરી<br>શ્રી કેસુરભાઈ એ. ચૌધરી |
| ૦૭. | માંડવી શહેર ચૌધરી સમાજ | ૧.<br>૨. | શ્રી ગિરીશભાઈ સી. ચૌધરી<br>શ્રી કનુભાઈ પી. ચૌધરી |
| ૦૮. | ભરૂચ/નર્મદા ચૌધરી સમાજ | ૧.<br>૨. | શ્રી અશોકભાઈ વી. ચૌધરી<br>શ્રી વસંતભાઈ વી.. ચૌધરી |
| ૦૯. | મહુવા તાલુકા  ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧.<br>૨. | શ્રી નયનભાઈ ટી. પાવાગઢી<br>શ્રી દિલીપભાઈ એમ. ચૌધરી |
| ૧૦. | બારડોલી પ્રદેશ ચૌધરી સમાજ(શહેર) | ૧.<br>૨. | ડૉ. મહેન્દ્રભાઈ એમ. ચૌધરી<br>શ્રી બકુલભાઈ બી.  ચૌધરી |
| ૧૧. | બારડોલી પ્રદેશ (ગ્રામ્ય યુનિટ) | ૧.<br>૨. | ડૉ. વિલાસભાઈ એસ. ચૌધરી<br>શ્રી વિજયકુમાર જી. ચૌધરી |
| ૧૨. | વાલોડ તાલુકા (ગ્રામ્ય યુનિટ) | ૧.<br>૨. | શ્રી લાલસિંગભાઈ બી.. ચૌધરી<br>શ્રી હરિશભાઇ એલ. ચૌધરી |
| ૧૩. | માંડવી તાલુકા (ગ્રામ્ય) યુનિટ | ૧.<br>૨. | શ્રી કિશોરભાઈ બી. ચૌધરી(ઉત્તર) માંડવી<br>શ્રી જીતુભાઈ વી.ચૌધરી(પશ્ચિમ) માંડવી |
| ૧૪. | વાલીયા તાલુકા (ગ્રામ્ય) યુનિટ | ૧.<br>૨. | શ્રી કાનજીભાઈ ચીમનભાઈ ચૌધરી<br>શ્રી ધનસુખભાઈ નારણભાઈ ચૌધરી |
| ૧૫. | સોનગઢ તાલુકા (ગ્રામ્ય) યુનિટ | ૧.<br>૨. | શ્રી લલ્લુભાઈ કે. ચૌધરી<br>શ્રી કેશવભાઈ આર. ચૌધરી |
| ૧૬. | ઉનાઈ વાંસદા તાલુકા  (ગ્રામ્ય) યુનિટ | ૧.<br>૨. | શ્રી વિનોદભાઈ ધનાભાઈ ચૌધરી<br>શ્રી મહેન્દ્રભાઈ ધનાભાઈ ચૌધરી |
| ૧૭. | વ્યારા તાલુકા (ગ્રામ્ય) યુનિટ | ૧. | શ્રી ચંપકભાઈ મણીલાલ ચૌધરી |

એજન્ડા નં. – ૧૧ **આગામી વર્ષનું અંદાજપત્ર તથા ભાવિ કાર્યક્રમો રજુ કરવા બાબત.**

ઠરાવ નં. – ૫ ફેડરેશનના મહામંત્રીએ આગામી વર્ષમાં ફેડરેશન મારફતે થનાર આવક અને ખર્ચનું અંદાજીત અંદાજપત્ર તથા ભાવી કાર્યક્રમો નીચે મુજબ રજુ કર્યા જેને વંચાણે લઈ સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યા.

### દક્ષિણ ગુજરાત સમસ્ત    ચૌધરી સમાજ ફેડરેશનનું    સંભવિત
### સને ૨૦૦૯-૨૦૧૦નું અદાજીત આવક જાવકનું અંદાજપત્ર

| આવક | રકમ(રૂપિયા ) | ખર્ચ | રકમ(રૂપિયા) |
|---|---|---|---|
| **૧. સભ્ય ફી :** નોમીનલ સભ્ય-૧૦૦૦ | ૨૬,૦૦૦/- | ૧. પ્રિન્ટીંગ સ્ટેશનરી ખર્ચ ૨. ટપાલ ખર્ચ | ૧૦,૦૦/- ૫,૦૦૦/- |
| ૨. સભ્ય ફી : પ્રાથિમક સભ્ય-૫૦૦ | ૫૩,૦૦૦/- | ૩. ઝરોક્ષ ખર્ચ ૪. માંડવી કાર્યાલયનું ભાડું | ૫,૦૦૦/- ૬,૦૦૦/- |
| **૩. સભ્ય ફી :** આજીવન સભ્ય-૫૦૦ | ૫,૦૩,૦૦૦/- | ૫. સ્ટાફ પગાર ખર્ચ (ત્રણ કાર્યાલયોના) | ૪૨,૦૦૦/- |
| ૪. દાન/ફાળો (જનરલ) વિવિધ પ્રવૃત્તિઓ માટે. | ૧,૦૦,૦૦૦/- | ૬. વ્યારા કાર્યાલય ટેલીફોન ખર્ચ | ૫,૦૦૦/- |
| | | ૭. વાકંલ કાર્યાલય ટેલીફોન ખર્ચ | ૫૦૦૦/- |
| ૫. શૈક્ષણિક હેતુ માટે જમીન ખરીદવા (કોપર્સ ફંડ) | ૧૦,૦૦,૦૦૦/- | ૮. માંડવી કાર્યાલય ટેલીફોન ખર્ચ | ૧૦,૦૦૦/- |
| | | ૯. સમુહ લગ્ન ખર્ચ | ૫૦,૦૦૦/- |
| ૬. સા. ન્યા. સમિતિએ કરેલ કામગીરીમાંથી આવક | ૫૦,૦૦૦/- | ૧૦. લગ્ન ઉત્સુક યુવક/યુવતીઓનો પરિચય મેળાનો ખર્ચ | ૨૫,૦૦૦/- |
| ૭. ચૌધરી દર્પણ લવાજમ | ૫૦,૦૦૦/- | ૧૧. રોજગારલક્ષી સેમીનાર ખર્ચ | ૧૦,૦૦૦/- |
| ૮. ચૌધરી દર્પણ જાહેરાત આવક | ૧,૦૦,૦૦૦/- | ૧૨. ખેડૂત ઉત્કર્ષ શિબિર ખર્ચ ૧૩. કેરિયર ગાઈડન્સ શિબિર ખર્ચ | ૨૦,૦૦૦/- ૧૦,૦૦૦/- |
| ૯. ચૌધરી દર્પણ અંક વેચાણની આવક | ૧,૫૦,૦૦૦/- | ૧૪. વ્યસન મુકિત શિબિર ખર્ચ ૧૫. આપત્તિ વ્યવસ્થાપન ખર્ચ | ૧૦,૦૦૦/- ૫૦,૦૦૦/- |
| **કુલ આવક** | ૨૦,૩૨,૦૦૦/- | ૧૬. રમતગમત પ્રોત્સાહન ખર્ચ | ૧૦,૦૦૦/- |
| | | ૧૭. વાર્ષિક સાધારણ સભા ખર્ચ | ૨૫,૦૦૦/- |
| | | ૧૮. ઈનામ વિતરણ સંમેલન ખર્ચ | ૫૦,૦૦૦/- |
| | | ૧૯. ચૌધરી દર્પણ છપામણી ખર્ચ | ૧,૫૦,૦૦૦/- |
| | | ૨૦. વિમા પ્રિમીયમ ખર્ચ | ૨૫,૦૦૦/- |
| | | ૨૧. કેલેન્ડર છપામણી ખર્ચ. | ૨૦,૦૦૦/- |
| | | ૨૨.. મેજ ડાયરી છપામણી ખર્ચ | ૧૦,૦૦૦/- |
| | | ૨૩. નોટબુક વિતરણ ખર્ચ. | ૧,૦૦,૦૦૦/- |
| | | ૨૪. સા. ન્યા. સમિતિ સભ્યોના ભાડાનો ખર્ચ | ૫,૦૦૦/- |
| | | ૨૫. ગ્રામ્ય/તાલુકા યુનિટો/ગ્રામ સમિતિઓને વિવિધ પ્રવૃતિઓ માટે સહાય. | ૧,૦૦,૦૦૦/- |
| | | ૨૬. મેડિકલ કેમ્પોમાં સહાય. | ૫૦,૦૦૦/- |
| | | ૨૭. વ્યારા ખાતે શૈક્ષણિક સંકુલ માટે | ૧૦,૦૦,૦૦૦/- |

એજન્ડા નં. – ૧૨ **ફેડરેશનમાં નવા દાખલ થયેલા સભ્યોની વિમા પોલીસી લેવા બાબત.**

ઠરાવ નં. – ૬ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરશેનમાં જોડાયેલા તમામ સભ્યોને વિમા સુરક્ષા યોજનાનો લાભ આપવાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

ધી ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ મારફતે જનતા વ્યકિતગત અકસ્માત પોલીસી યોજનાનો લાભ આપવા સને ૨૦૦૮, ૨૦૦૯માં ફેડરેશનમાં જોડાયેલા તમામ સભ્યોની યાદી બનાવી વિમા અંગેનું પ્રિમીયમ આગામી કારોબારીમાં મંજુર કરાવીને ભરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

આ કામગીરી માટે પ્રમુખશ્રી કે. ટી. ચૌધરી મહામંત્રીશ્રી પ્રભુદાસ બી. ચૌધરી તથા સહમંત્રી શ્રી બુધીલાલ આર. ચૌધરીને સર્વાનુમતે સત્તા આપવામાં આવી.

એજન્ડા નં. – ૧૩ **ફેડરેશનના ધારાધોરણ બંધારણમાં સુધારા વધારા કરવા બાબત.**

ઠરાવ નં. –૭(૧) કારોબારીની સંખ્યા ૪૧ થી ૫૧ કરવા બાબત.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનના રજીસ્ટર્ડ ધારાધોરણ મુજબ કલમ ૧૩ તથા પરિશિષ્ટ ૨ મુજબ કારોબારી સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી ૨૧ અને વધુમાં વધુ ૪૧ની રહેશે તેવી જોગવાઈ છે. ચૌધરી સમાજ ફેડરેશનમાં તમામ જુદા જુદા જીલ્લા, તાલુકાના રજીસ્ટર્ડ ચૌધરી સમાજો તથા તાલુકા ગ્રામ્ય યુનિટો જોડાઈ શકે તથા તેમનાં બે બે પ્રતિનિધિઓને સમાવી શકાય તે હેતુથી કારોબારીની સંખ્યા ૪૧ થી ૫૧ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ફેડરેશનના ધારા ધોરણ/બંધારણની કલમ ૧૩ તથા કલમ ૧૪ પરિશિષ્ટ ૨માં જયાં ૪૧ છે. ત્યાં ૫૧ કરવા નીચે મુજબ સુધારો કરીને મદદનીશ ચેરીટી કમિશનરશ્રી, સુરતની મંજુરી લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**કલમ-૧૩ કારોબારીની રચનાઃ-**

**જુની જોગવાઈઃ-** કારોબારીની સંખ્યા ઓછામાં ઓછી ૨૧ અને વધુમાં વધુ ૪૧ની રહેશે.

**કલમ -૧૩**

**સુધારેલ જોગવાઈઃ-** કારોબારીની સંખ્યા ઓછામાં ઓછી ૨૧ અને વધુમાં વધુ ૫૧ની રહેશે.

**કલમ – ૧૪ પરિશિષ્ટ ૨ ટ્રસ્ટી નિમવાની રીતઃ**

**જુની જોગવાઈઃ** (૧) ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ૨૧(એકવીસ) અને વધુમાં વધુ ૪૧(એકતાળીસ) રહેશે.

**સુધારેલ જોગવાઈઃ** (૧) ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટીઓની સંખ્યા ઓછામાં ઓછી ૨૧(એકવીસ) અને વધુમાં વધુ ૫૧(એકાવન) રહેશે.

ઠરાવ નં. -૭(૨) **દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ “ ચેરીટેબલ ટ્રસ્ટ ” ફેડરેશનની જગ્યાએ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ “ મહાસંઘ ” ફેડરેશન નામમાં સુધારો કરવા બાબત.**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનના નામે તા.૧૮/૧૦/૨૦૦૭ના રોજ મદદનીશ ચેરીટી કમિશનરશ્રી સુરતએ ફેડરેશનનું રજીસ્ટ્રેશન કરીને માન્યતા આપી છે. આ ટ્રસ્ટની મુળ દરખાસ્ત દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ મહાસંઘ (ફેડરેશન)ની હતી. જેથી આજ નામ રાખવા માટે શ્રી નટુભાઈ ડી. ચૌધરીએ આ મુદ્દો વાર્ષિક સાધારણ સભામાં રજુ કરવા માટે લેખિતમાં રજુ કરતાં આ મુદ્દો બીજી વાર્ષિક સાધારણ સભામાં ચર્ચામાં લેવામાં આવ્યો હતો.

શ્રી નટુભાઈ ડી. ચૌધરીએ " ચેરીટેબલ ટ્રસ્ટ " શબ્દની જગ્યાએ " મહાસંઘ " શબ્દ કેમ રાખવો જોઈએ તે અંગે વિસ્તૃત છણાવટ કરી સમજાવતા જણાવ્યું કે આ ફેડરેશનમાં રાજયના જુદા જુદા જિલ્લા/તાલુકાના રજીસ્ટર્ડ થયેલા ચૌધરી સમાજો તથા તાલુકાના ગ્રામ્ય યુનિટો સંસ્થા સભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરે છે. જેથી આ ફેડરેશનએ નાના મોટી જુદી જુદી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ એક વિશાળ ફલક ઉપર કરે છે એટલે એનું નામ માત્ર " ચેરીટેબલ ટ્રસ્ટ " નહીં રહેતાં " મહાસંઘ " હોવું જોઈએ " મહાસંઘ " એ બધી સંસ્થાઓનું સર્વોપરી છે. જેથી ફેડરેશનના મેમોરેન્ડમ એશોશિએશન તથા ધારા ધોરણોમાં જયાં જયાં " ચેરીટેબલ ટ્રસ્ટ " શબ્દ છે. ત્યાં દરેક જગ્યાએ " મહાસંઘ " શબ્દ સુધારવા માટે મદદનીશ ચેરીટેબલ કમિશનરશ્રી સુરતને તે મુજબ ફેરફાર રિપોર્ટ રજુ કરવા આજની સભા ૨/૩ બહુમતીએ સર્વાનુમતે ઠરાવે છે. અને આ અંગેની કામગીરી કરવા માટે ફેડરેશનના પ્રમુખશ્રી કે. ટી. ચૌધરી તથા કારોબારી સભ્યશ્રી નટુભાઈ ડી. ચૌધરીને સત્તા આપે છે.

એજન્ડા નં. – ૧૪ **અખિલ ભારતીય ચૌકરી સમાજ વાંકલને ફેડરેશનામાં સંસ્થા સભ્ય તરીકે દાખલ કરવા ચર્ચા વિચારણાં કરવા બાબત.**

ઠરાવ નં. – ૮ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનમાં સંસ્થા સભ્ય થવા અંગેની જોગવાઈ સંદર્ભમાં ભારતીય ચૌધરી સમાજ વાંકલએ તા.૦૭/૧૦/૨૦૦૭ના ઠરાવથી અને તા.૨૪/૦૫/૨૦૦૮ની રસીદ નં. ૧૨૦૬ થી રૂા. ૫૦૬/- સંસ્થા સભ્ય ફી ભરીને ફેડરેશનમાં સંસ્થા સભ્ય તરીકે જોડાવા ઠરાવ રજુ કરેલ હતો.

તા.૨૨/૦૨/૨૦૦૯ના રોજ કંબોડીયા ખાતે મળેલ કારોબારીની બેઠકમાં ભારતીય ચૌધરી સમાજ વાંકલના મહામંત્રીશ્રી નાનુભાઈચૌધરી ભારતીય આદિજાતિ ચૌધરી સમાજનું મેમોરેન્ડમ ઓફ અશોસીયેશન અને ધારાધોરણો કારોબારી તથા હોદ્દેદારોની યાદી, નોંધાયેલ સભ્યોની યાદી વગેરે લઈને ઉપસ્થિત રહ્યા હતાં. જે વંચાણે લેતાં મેમોરેન્ડમ અશોસીયેશન તથા ધારાધોરણ ખૂબજ છેકછાક વાળું હતું. તથા સુચિત કારોબારી અને હોદ્દેવારોની વિગતો કે નોંધાયેલા સભ્યોની યાદી તથા વાર્ષિક હિસાબો વગેરે રજુ કરી શકયા ન હતા. જેથી આગામી વાર્ષિક સાધારણ સભામાં આ મુદ્દો રજુ કરી નિર્ણય લેવા સર્વાનુમતે નકકી કરવામાં આવેલ હતું.

આજની વાર્ષિક સાધારણ સભામાં ભારતીય ચૌધરી સમાજનાં મહામંત્રી વિગતો

સાથે ઉપસ્થિત રહયા ન હતાં. જેથી ચર્ચા વિચારણાંને અંતે ભારતીય ચૌધરી સમાજનું કાર્યક્ષેત્ર માંગરોળ, વાલિયા, માંડવી, સોનગઢ, વ્યારા, બારડોલી રાખેલ હોઈ ત્યાં હાલ નોંધાયેલા અને સૂચિત ચૌધરી સમાજોને કામ કરવામાં કોઈ બિન તંદુરસ્ત હરિફાઈ કે તકલીફનો સામનો કરવાનો થશે કે કેમ ? તથા તે અંગે તેમનો શું અભિપ્રાય છે. તે અંગેની વિગતો મેળવીને તથા તેમની પાસે અપેક્ષિત કરેલ માહિતી આવ્યા બાદ હવે પછીની કોઈપણ કારોબારીમાં નિર્ણય લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા નં.– ૧૫ **ફેડરેશન માટે સભ્ય નોંધણી તથા સભ્ય ફી અને દાન મેળવવા પહોંચ બુકની બીજી સીરીઝ નંબર ૫૦૦૧ થી ૧૦,૦૦૦/- સુધી છપાવવા બાબત.**

ઠરાવ નં. – ૯ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની સભ્ય નોંધણી તથા સભ્ય ફી અને દાન મેળવવા માટે તા.૦૪/૦૨/૨૦૦૭ના રોજ કડોદ ખાતે મળેલ કારોબારી બેઠકનાં એજન્ડા નં. ૯ના ઠરાવ નં. ૬થી ક્રમાંક ૧ થી ૫૦૦૦ સુધીના નંબરોની ૧૦૦ની એક એવી ડુપ્લીકેટમાં ૫૦ બુકો છપાવવા નિર્ણય લઈને બુકો છપાવવામાં આવી હતી. જે બુકો પુર્ણ થવામાં છે જે બુકો ઉપયોગમાં છે તેનો વપરાશ ચાલુ રાખીને ક્રમાંકઃ૫૦૦૧ થી ૧૦,૦૦૦ સુધીના નંબરોની ૫૦ની એક એવી ૧૦૦ બુકો ડુપ્લીકેટો મુજબ છપાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

એજન્ડા નં. – ૧૬ **ફેડરેશનનાં કાર્યાલયો માંડવી, વ્યારા અને વાંકલ માટે કાર્યાલય સમિતિઓની રચના કરવા બાબત.**

ઠરાવ નં. – ૧૦ આ મુદ્દો આગામી કારોબારી બેઠકમાં લઈ નિર્ણય લેવા મુલતવી રાખવામાં આવ્યો.

એજન્ડા નં.– ૧૭ **પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવા મુદ્દાઓની ચર્ચા કરવા બાબત.**

ઠરાવ નં.–૧૧(૧) **શ્રી કનુભાઈ પી. ચૌધરી ખજાનચીની વિગતો નાણાંકીય લેવડદેવડ માટે સ્ટેટ બેંક ઓફ બારડોલીમાં મોકલવા બાબત.**

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનની સને ૨૦૦૭ થી ૨૦૦૯ની કારોબારીની મુદત પૂર્ણ થતાં આજની સામાન્ય સભામાં સને ૨૦૦૯ થી ૨૦૧૧ સુધીની નવી કારોબારીની વરણી કરવામાં આવી.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનના ખજાનચી તરીકે રી કુંવરજીભાઈ વી. ચૌધરી ભરૂચ ફરજો બજાવે છે. તેમની જગ્યાએ શ્રી કનુભાઈ પી. ચૌધરીનું માંડવી શહેર ચૌધરી સમાજ માંડવી તરફથી કારોબારી માટે નોમીનેશન થતાં શ્રી કનુભાઈ પી. ચૌધરીને ખજાનચી તરીકે વરણી માટે શ્રી પ્રભુદાસ બી. ચૌધરીએ દરખાસ્ત મુકતા શ્રી કે. ટી. ચૌધરીએ ટેકો જાહેર કરતા શ્રી કનુભાઈ પી. ચૌધરીને દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનનાં ખજાનચી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવે છે.

શ્રી કનુભાઈ પી. ચૌધરી ખજાનચી તરીકેની ફરજો બજાવી શકે તે માટે ફેરફાર કરવા માટે ફેડરેશનનું હાલ એકાઉન્ટ નં. ૩૦૩૦૧૬૪૦૮૩૩ બારડોલી સ્ટેટ બેંકમાં હોઈ

ફોટોગ્રાફ સહીનો નમૂનો રજુ કરવા માટે સર્વાનુમતે ઠરાવ મંજુર કરવામાં આવે છે.

-

-

ઠરાવ નં.-૧૧(૨) દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશનનું ઈન્કમ ટેક્ષ અંગેપાન કાર્ડ મેળવવા બાબત.

દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ ફેડરેશન ૧૯૫૦ના મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ તથા ૧૮૬૦ના મંડળીઓની નોંધણી અધિનિયમ હેઠળ નોંધાયેલ પબ્લીક ટ્રસ્ટ છે. જેનું સેવિંગ્સ એકાઉન્ટસ કોર બેંક બારડોલી ખાતે છે. અને તમામ લેવડદેવડ આ બેંક મારફતે કરવામાં આવેલ છે.

નિયમોનુસાર ૫૦,૦૦૦/-નો ઉપાડ કે નાણાં જમા કરાવતી વખતે પાન કાર્ડ નંબર લખવાનો રહે છે. જેથી ફેડરેશનનો પાનકાર્ડ ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી એમ. જી. ખીલાવાલા સુરત મારફતે ઈન્કમ ટેક્ષ કચેરી સુરતને દરખાસ્ત અરજી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવ નં.-૧૧(૩) **વાલીયા તાલુકાના ચૌધરીઓને જાતિ પ્રમાણપત્ર મેળવવા પડતી મુશ્કેલી અંગે ઠરાવ કરીને રાજય સરકારશ્રી તથા ભારત સરકારશ્રીને રજુઆત કરવા બાબત.**

વાલિયા પ્રદેશના ચૌધરી સમાજના સભ્યોએ વાર્ષિક સાધારણ સભામાં રજુઆત કરી કે ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં વસતા ચૌધરીઓને જાતિ પ્રમાણપત્ર લેવા માટે “ ચૌધરા ” લખેલ હોય તો જ જાતિ પ્રમાણપત્ર મળે છે જો “ ચૌધરી ” અટક લખાવે તો જાતિ પ્રમાણપત્ર મેળવવામાં ખુબ મુશ્કેલી પડે છે. એફિડેવીટ વગેરે કરવું પડે છે. ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના ૩૦ જેટલા ગામોમાં ચૌધરીઓની વસ્તી છે. આ ચૌધરીઓનો રોટી-બેટીનો વ્યવહાર સુરત તથા તાપી જિલ્લાના તમામ ગામોમાં વર્ષોથી ચાલ્યો આવે છે. જેથી વાલિયા તાલુકાના ચૌધરીઓને જાતિ પ્રમાણપત્ર લેવા માટે “ ચૌધરા ” શબ્દ લખવો પડે છે. તે દુર કરીને “ ચૌધરી ” અટક લખનારને પણ વિના મુશ્કેલીએ જાતિ પ્રમાણપત્ર મળવું જોઈએ. તેવી રજુઆત કરવામાં આવી.

આ રજુઆતના મુદ્દા અન્વયે ભારતના બંધારણમાં અનુસૂચિત જન જાતિઓ માટે પરિશિષ્ટ ૧૨ મુકવામાં આવેલ છે. જે અન્વયે The Constitution (Scheduled Tribes) order 1950. No. S. R. O.510 dated 6th September, 1950 બહાર પાડેલ છે. તેમાં The Scheduled Part – III BOMBAY માં ક્રમાંક ૪ ઉપર “ CHOUDHARA’’ જાતિનો લિસ્ટમાં સમાવેશ કરેલ હતો.

ત્યારબાદ મિનીસ્ટ્રી ઓફ હોમ એફર્સ, નવી દિલ્હીએ તા. ૨૯/૧૦/૧૯૫૬નું Scheduled Tribe Listes (Modification) Order 1956 માં બહાર પાડેલ જેમાં ક્રમ નં. 3

ઉપર In Surat District :-

" Chaudhari ''

એ મુજબ શબ્દ વાપરવાને કારણે ફકત સુરત જિલ્લાના ચૌધરી અટક ધરાવતા ઈસમોને અનુસૂચિત જન જાતિના પ્રમાણપત્રો સરળતાથી મળતા થયા જયારે Modification માં ભરૂચ જિલ્લાનો ઉલ્લેખ ન હોવાથી ભરૂચ જિલ્લામાં વસતા ચૌધરીઓ " ચૌધરા " લખાવે તો જ જાતિ પ્રમાણપત્ર મળે તેવું અર્થઘટન થતું હતું. જેથી આ મુજબ લખાવે તો જ પ્રમાણપત્ર મળવાપાત્ર થતું હતું.

ત્યારબાદ અનુસૂચિત જન જાતિ આદેશો (સુધારો) અધિનિયમ, ૨૦મી સપ્ટેમ્બર , ૧૯૭૬નાં એકટ નં. ૧૦૮ મુજબ બીજા શીડયુલમાં ગુજરાત રાજયની નવી અનુસૂચિત જન જાતિની યાદી બહાર પાડવામાં આવી જેમાં ક્રમાંક ૬ ઉપર ચૌધરી (સુરત અને વલસાડ જિલ્લામાં ) લખવામાં આવ્યું. પરંતુ ભરૂચ જિલ્લાનો સમાવેશ ન થવાથી આ મુશ્કેલી આજ દિન સુધી ઉભી રહેલ છે. ઘણી રજુઆતો બાદ રાજય સરકારે આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગએ તા. ૧૪/૦૨/૧૯૮૩ના પત્ર ક્રમાંકઃએસટીડીડબલ્યુ/૧૦૮૧/૧૩૧૭/ખથી ભરૂચ જિલ્લાના જે ઈસમો ચૌધરી લખાવે તેમને " ચૌધરા " તરીકે જાતિ પ્રમાણપત્ર આપવા સૂચના આપેલ છે. પરંતુ સુરત જિલ્લાના ચૌધરીઓને જે પ્રમાણે ચૌધરી લખવાથી જાતિ પ્રમાણપત્ર મળે તે મુજબ સુધારો કરવા કોઈ કાર્યવાહી થયેલ નથી. દક્ષિણ ગુજરાત ચૌધરી સમસ્ત ચૌધરી સમાજ ફેડરેશનના મેમોરેન્ડમ ઓફ અશોસીયેશનની કલમ – ૧૨ની જોગવાઈ મુજબ ચૌધરી સમાજના સભ્યોને બંધારણીય હકકો અપાવવા કટીબધ્ધ છે. જેથી આજની સભામાં આ બાબતે ઠરાવ લઈને ભારત સરકારમાં ભારત સરકારના Date 29/10/1956 ના Modified Notification તથા અનુસૂચિત જન જાતિ આદેશો (સુધારો) અધિનિયમ, ૨૦મી સપ્ટેમ્બર , ૧૯૭૬નાં એકટ નં. ૧૦૮માં Bharuch District નો સમાવેશ કરવા માટે જરૂરી દરખાસ્ત ફેડરેશન મારફતે રાજય સરકાર અને ભારત સરકારશ્રીને કરવા સ્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

આજની વાર્ષિક સાધારણ સભામાં ફેડરેશનના ધારાધોરણની કલમ-૧(ક)ની જોગવાઈઓને આધિન રહીને ફેડરેશનને સમાજ સેવાના કામો માટે દાન મળતું રહે તે માટે નીચે મુજબના સભ્યોએ તેમની વાર્ષિક આવકના ૧(એક) ટકાના દરે દર વર્ષે દાન આપવાની જાહેરાત કરી.

| ક્રમ | દાતાનું નામ | આવકનું સાધન અને ટકાવારી |
|---|---|---|
| ૧ | શ્રી લાલાસીંગભાઈ બી. ચૌધરી વેડછી | પેન્શન વા. આ.ના ૧ % |
| ૨ | શ્રી રામુભાઈ આર. ચૌધરી કડોદ | બેંકમાં નોકરી ૧ % |
| ૩ | શ્રી રવિન્દ્રભાઈ ચૌધરી વ્યારા | આચાર્ય નિવૃત્ત પેન્શન ૧ % |
| ૪ | શ્રી બકુલભાઈ બી. ચૌધરી બારડોલી | માસિક આવક ૨ % |
| ૫ | શ્રીમતી અંજનાબેન વી. ચૌધરી વેડછી | પ્રાધ્યાપક વાર્ષિક આવકના ૧ % |
| ૬ | શ્રી અનિલભાઈ ડી. ચૌધરી વડોદરા | નિવૃત્ત નાયબ નિયામક સેલ ટેક્ષ પેન્શન ૧ % |
| ૭ | શ્રી ગજેન્દ્રભાઈ ચૌધરી માંડવી | નિવૃત્ત સબ ઓડીટર પેન્શન ૧ % |

આ તમામ સભ્યોનો હ્રદયપૂર્વક ફેડરેશન તરફથી આભાર વ્યકત કરવામાં આવ્યો.

એજન્ડા ઉપરના તથા પ્રમુખ સ્થાનેથી રજુ કરવાના મુદ્દાઓની ચર્ચા પુર્ણ થતા ફેડરેશનના સહમંત્રીશ્રી અરૂણભાઈ સી. ચૌધરીએ શ્રી વી. એફ. હાઈસ્કૂલ, માંડવીના સંચાલકો, માંડવી શહેર ચૌધરી સમાજ નાસ્તા પાણી તથા છાસનાં વિતરણ બદલ પનાહ ફાઉન્ડેશન માંડવીના સભ્યો તથા ઉપસ્થિત સૌ મહાનુભાવો, સભ્યોનો આભાર માની ભવિષ્યમાં પણ ફેડરેશનને આવો જ સહકાર આપવાના આહવાન સાથે સામાન્ય સભાનું સમાપન કર્યું.

**(કે. ટી. ચૌધરી)**
**પ્રમુખ**
**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ**
**ચેરી ટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)**

**(પ્રભુદાસ બી. ચૌધરી)**
**મહામંત્રી**
**દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ**
**ચેરી ટેબલ ટ્રસ્ટ (ફેડરેશન)**